**મોબાઈલ સ્નેચીંગના ત્રણ અનડીટેક્ટ ગુન્હા ડીટેક્ટ કરી, આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડતી સુરત શહેર ક્રાઈમ બ્રાન્ચ.**

સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાય રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુસર તથા વાહન ચોરી મોબાઈલ ચોરી ઘરફોડ ચોરીના વણશોધાયેલ ગુન્હાઓ શોધી કાઢવા માટે સુરત શહેરના પોલીસ અધિકારી તેમજ પોલીસ માણસો શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન HC રોહિત યોગેશભાઈ અને પો.કો.નવલેશ નટવરભાઈ નાઓને મળેલ બાતમી આધારે આરોપી સઈદ હારૂન શેખ ઉ.વ.૨૩ રહે-ગલી નં-૨, રઝાનગર ગરીબ નવાબ મસ્જીદની પાસે ભાઠેના-૨, સુરત મુળ રહે. ગામ-તલોદ કુમારગલી તા-જી.ધુલીયા (મહારાષ્ટ્ર) નાને ચોરીના મુદ્દામાલ ફોન નંગ-3 કિ.રૂ. ૪૦,૦૦૦/- અને મોબાઈલ સ્નેચીગ માટે ઉપયોગમાં લીધેલ મો.સા. યામાહા R 15 કિ.રૂ-૧,૦૦,૦૦૦/- ની મતાની કુલ કિ.રૂ. ૧,૪૦,૦૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે. (૧) MI કંપનીનો ગોલ્ડ કલરનો મોબાઈલ NOTE-5 PRO કિં.૧૫,૦૦૦/- (૨) oppo કંપનીનો ગોલ્ડ લક્રનો મોબાઈલ મોડલ–A57 કિ.રૂ ૧૫,૦૦૦/-(3) MI કંપનીનો ગોલ્ડ કલરનો મોબાઈલ A-1 જેની કિ.રૂ. ૧૦,૦૦૦/- .

ઉપરોક્ત મોબાઈલ ચોરી અંગે નીચે મુજબના ગુનાઓ વણશોધાયેલ હોય જે શોધી કાઢવામાં આવેલ છે (૧) ડીંડોલી પો.સ્ટે. । ગુ.ર,નં-૦૫/૨૦૧૯ IPC કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ. (૨) ખટોદરા પો.સ્ટે. । ગુ.ર,નં.૪૩/૨૦૧૯ IPC કલમ ૩૭૯, ૩૫૬,૧૧૪ મુજબ. (૩) સલાબતપુરા પો.સ્ટે. । ગુ.ર,નં. ૪૯/૨૦૧૯ IPC કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબ આરોપીઓ ગુન્હાહીત ઈતિહાસ (૧) આરોપી અગાઉ ઉમરા પો.સ્ટે. । ગુ.ર,નં. ૩૯૨/૨૦૧૮ IPC કલમ ૩૭૯, ૩૫૬, ૧૧૪ મુજબના ગુન્હામાં પકડાયેલ છે.